# સાહબે ઝુલફિકાર, શૈરે કિરદિગાર
# અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.)
# ની સીરતે પાક

આપ મૌલાની ફઝીલતમાં એમ બયાન આવું છે કે, આપના સીનામાં ઈલ્મના ઝખીરા અને ખઝાના ભરેલા હતા. આપ મિમ્બરે અલવી પરથી હરપલ પુકારતા હતા કે, **"હું તમારાથી અછત થાઉં તે પહેલા મને કોઇ પણ ઇલ્મ બાબત પૂછી લો. આ સીનામાં ઇલ્મના ભંડાર ભરેલા છે."**

એક શખ્સે આપની આ વાત સાંભલીને સવાલ કીધો કે, મારો ઘોડો મને સવારી કરવા દેતો નથી, તો હું શું કરૂં? મુશ્કિલ કુશાએ ફરમાવું કે, તું એના કાનમાં કુરઆને પાકની આ આયત પઢજે, **"વલહુ અસલમા મન ફિસ્સમાવાતે વલ અરઝે તૌઅન વ કરહન વ ઇલયહે તુરજઊન,"** જે આસ્માન અને ઝમીનમાં છે તે બધા ખુશીથી યા નાખુશીથી તેના (અલ્લાહ) સામે ગરદન ઝુકાવી દે છે, બધા જ તેની તરફ પલટનાર છે." એ શખ્સે હુકુમની તાઅમીલ કીધી અને આ આયતની બરકતથી એનો ઘોડો એને તાબેઅ થઈ ગયો.

કુરઆને કરીમમાં જગા જગા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝાહિરી તરીકાથી તાઅરીફ અને સિફતો સના થયેલી છે. **"મા કાના મોહંમદુન અબા અહદિમ મિર રિજાલેકુમ વલાકિન રસૂલલ્લાહ વ ખાતમન્નબીયીન,"** યાઅની તમારા મરદોમાંથી મોહંમદ કોઈના બાવાજી નથી મગર તે અલ્લાહના રસૂલ અને નબીયોના છેલ્લા છે. આપ સાહેબની સનામાં બીજી એક આયત છે કે,**"વ ઇન્નકા લઅલા ખોલોકિન અઝીમ,"** યાઅની અય મોહંમદ, ખરેખર તમેં ઊંચા અખ્લાક પર છો.

જે મુજબ અલ્લાહતઆલાએ પોતાના નબીની અઝમત અને શાનને બલંદ કીધી છે, તે મુજબ નબી સાહેબે પોતાના વસી, વલી, વઝીર અને વારિસ સૈયેદુલ વસીયીનની શાન અને જલાલને અનેક મૌકાઓ પર બીરદાવી છે. તેમાં તમામથી મશ્હૂર આ કૌલ છે કે, **"અના મદીનતુલ ઇલ્મે વ અલીયુન બાબોહા,"** હું ઈલ્મનું શહેર છું અને અલી તેના દરવાઝા છે. શરહુલ અખ્બાર કિતાબમાં કાઝીયુલ કોઝાત સૈયદના નોઅમાન બિન મોહંમદ સાહેબ આ તરહની બેશુમાર હદીસે પાક તેમજ અઈમ્મતે તાહેરીન (સ.અ.) થી ફઝાઈલે અલવીની રિવાયતો લઈ આવા છે. જેમાંથી **અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) ની અઝમત, અખ્લાક, ઇલ્મ, અમલ, ઝોહાદત, ઇબાદત, ઇન્સાફ, તકવા, રિયાઝત અને જેહાદની ખુશ્બૂ મહેકે છે.**

જે લોગોને મૌલાના અલી (અ.સ.) થી અદાવત હતી તેઓને આ વાત ગમતી નહોતી. એક વકત બાઝ મુનાફિકો અને ફિત્નાખોરોએ આપ મૌલાના ઈલ્મની કસૌટી કરવાનો ઈરાદો કીધો. તેમાં તેઓએ એવી પૈરવી કીધી કે, આપને એવો સવાલ પૂછાય કે જેમાં આપ કમ માં કમ એટલું કહી દે કે, હું વિચાર કરીને જવાબ દઈશ ! આ હંગામમાં આપ મૌલા મગરિબની નમાઝ વાસ્તે જલ્દીથી મસ્જિદ તરફ પધારી રહ્યા હતા. મૌકો જોઈને તે મુનાફિકો આપને ઈર્દગિર્દ ઉભા થઈ ગયા. આપ તઅજ્જુબમાં પડી ગયા અને ફરમાવું કે, ભાઈ શું કામ છે ? જલ્દી કરો મને ડર છે કે મગરિબની નમાઝ કઝા ન થઈ જાય !

તે બધામાંથી એક બોલો કે, અમે એક ઘણા જ મુશ્કિલ સવાલમાં ફસાઈ ગયા છે. અમને સમઝ પડતી નથી કે, દુનિયાના કયા કયા જાનવરો બચ્ચા જને છે અને કયા કયા જાનવરો બેદા મુકે છે. મૌલા અલી (અ.સ.) એ તમક્કુન સાથે આસાન લફઝોમાં જવાબ આપો કે, "આ કઈ મોટો મસઅલો નથી ! જે જાનવરોના કાન દેખાય છે - બાહર દેખાય છે - તે બધા જ બચ્ચા જને છે. હવે જે જાનવરોના કાન છુપેલા છે - ઢંકાયેલા છે - તે બધા જ બેદા મુકે છે. હવે તમેં સોચો અને આ હિકમતે રબ્બાનીમાં ગૌર કરો." આટલું કહી આપ જલ્દીથી મસ્જિદમાં દાખિલ થઈ ગયા અને સવાલ કરનારાઓ એવા તો ભોઠા પડી ગયા કે ન પૂછો વાત ! બધા હયરાનીમાં, માયૂસીમાં અને ઝર્દ ચેહરે પાછા વીલી ગયા.

❋❋❋

એક વાર કેટલાક નાદાનો અને શરારતીઓએ અલીએ આઅલા ની મસ્ખરી કરવાનો ઈરાદો કીધો. બધાએ એમ મન્સૂબો કીધો કે, તેઓ માંથી એક જનાઝામાં સુઈ જાય અને પછી તેને અલી પાસે લઈ જઈએ. મન્સૂબા મુજબ આ બેવકૂફો જનાઝો લઈને મસ્જિદમાં આવા જે જગા પર મુશ્કિલકુશા (અ.સ.) નમાઝ પઢાવી રહ્યા હતા.

બધાએ અરઝ કીધી કે, અમારા માંથી એક શખ્સ ગુઝરી ગયા છે. તેને અમેં જનાઝામાં સુવડાવી આપને પાસે હાઝિર થયા છે. અમીરૂલ મુમેનીન (અ.સ.) એ ઝબાનથી એક લફઝ પણ ન નીકલો અને આપે તેઓના દરમિયાન જનાઝાની નમાઝ પઢાવી દીધી. તે પછી અચાનક પાછલ ઉભેલા નાદાનો હસવા લાગા અને મસ્ખરી કરીને કહેવા લાગા કે, અય અલી ! અમેં આપને બેવકૂફ બનાવા; અમેં તો આપની મસ્ખરી કરવા વાસ્તે આ જનાઝો તૈયાર કીધો છે. **જોવ તમેં ! જનાઝામાં સુતેલો શખ્સ તો ઝિંદા છે.**

આપે ફરમાવું કે, તમેં લોગો ઝરૂર કઈ ગફલતમાં છો ? તમેં પોતે ઝરા આ જનાઝામાં સુતેલા શખ્સના ચેહરા પરથી ચાદર ઉઠાવીને તો જોવ ! જલ્દીથી બધાએ તે શખ્સ પરથી ચાદર હટાવીને જોયું તો તે મુડદા હતો, ગુઝરી ચુકો હતો. ફરમાને ઈલાહીથી મલકુલ મૌતે તેની રૂહ પહેલે જ કબ્ઝ કરી લીધી હતી.

શું અલ્લાહના વલી અને ફરિશ્તાઓના ઈમામ અલીએ આઅલા ની મસ્ખરી ખુદા અને ખુદાના મલાએકત ને મન્ઝૂર હોય ?

★